# જન્મદિને વધામણી



જીગર એન પટેલ
(વેસ્ટર્ન એગ્રી સીડ્સ ગૃપ)



ડો. જિગર સુરેશભાઈ રત્નોત્તર
મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩



દિનેશભાઈ શિવરામભાઈ પરમાર
મો. ૯૯૧૩૫ ૯૮૭૯૪



પ્રીતિ રીન્કેશ પરમાર
મો. ૯૬૮૭૯ ૫૭૪૫૬

# પલ્સ પોલિયો અભિયાનના બીજા તબક્કામાં શહેરી વિસ્તારમાં નબળો તો ગ્રામીણ વિસ્તારમાં ભારે પ્રતિસાદ

ગાંધીનગર, તા. ૧૧

પલ્સ પોલિયાના બીજા રાઉન્ડમાં શહેરી વિસ્તારમાં નબળો પ્રતિસાદ જ્યારે ગ્રામીણ વિસ્તારમાં સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે બીજા રાઉન્ડના પ્રથમ દિવસે ૭૬ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં તંત્રને સફળતા મળી છે. મળતી વિગતો પ્રમાણે પ્રથમ રાઉન્ડ કરતાં બીજા રાઉન્ડમાં કવરેજ દરમ્યાન વધુ બાળકોને રસી પીવડાવવામાં આવી હતી.

ગ્રામીણ વિસ્તારમાં ૯૨ ટકા જેટલા બાળકોને આવરી લેવામાં સફળતા મળી હોવાનો તંત્રએ દાવો કર્યો છે. સવારથી જ ગ્રામ્ય વિસ્તારમાં લોકોએ તેમના બાળકોને રસી પીવડાવવા માટે બુથો પર લાઈન લગાવી દીધી હતી.

જો કે માણસા, કલોલ અને દહેગામ જેવા શહેરી વિસ્તારોમાં થોડીક ધીમી કામગીરી રહી હોવાથી જિલ્લાની કુલ ટકાવારી પર તેની અસર થઈ હોવાનું સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં કેટલાક બુથો પર ૧૦૦ ટકા જેટલી કામગીરી થઈ હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.



ગાંધીનગર શહેરમાં ૧૦૫ જેટલા બુથો અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૦૦થી વધુ બુથો બનાવવામાં આવ્યા હતા. સેન્સેટીવ ગણાતા વિસ્તારોમાં વહેલી સવારથી જ તંત્રની મોબાઈલ ટીમો દ્વારા રસીકરણના કાર્યક્રમને હાથ ધરવામાં આવ્યો હતો અને આવા વિસ્તારમાં સારૂ એવુ કવરેજ મળ્યુ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

હવે પછી બે દિવસ દરમ્યાન આ અભિયાનમાં છુટી ગયેલા અથવા રહી ગયેલા બાળકોને ઘરે ઘરે ફરી અનો ટીમો દ્વારા રસી પીવડાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# શહેરના સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસમાં મંદીનું મોજુ

## ભરતી પ્રક્રિયામાં મંદી વર્તાતા માસિક ખર્ચ પહોંચી ન વળતા કેટલાક કલાસીસના પાટીયા પડયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક કલાસીસના કેન્દ્રો ધમધમતા હતા. શહેરના ઠેકઠેકાણે સંચાલકો દેખાદેખીમાં સ્પર્ધાત્મક કલાસના નામે કેન્દ્રો ખોલીને બેસી ગયા હતા. નાનકડા ગાંધીનગરમાં જ નાનીમોટી થઈના ૮૦ થી વધુ કેન્દ્રો ધમધમતા હતા.જેમાં મોટીસંખ્યામાં રાજયભરમાંથી યુવાવર્ગ તૈયારીઓ કરવા ઉમટી પડ્યા હતા. પરંતુ છેલ્લા એક વર્ષથી સરકારમાં કોઈપણ પ્રકારની મોટી ભરતીની જાહેરાત ના થતા આ કલાસીસોમાં રીતસરનું મંદીનું મોજુ ફરી વળ્યું છે. જેમાં કેટલાય નાના મોટા કલાસીસના સંચાલકો આ મોજાની ઝપેટમાં આવી ગયા છે, માસિક તોંતિગ કલાસીસ ખર્ચ સહન ના કરી શકતા સંચાલકોએ પોતાના કેન્દ્રોને બંધ કરી પાટીયા પાડી દીધા છે.

ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક પરિક્ષાનું હબ બની ગયું છે. ત્યારે રાજયભરમાંથી સરકારી નોકરી મેળવવા ઈચ્છુક યુવાવર્ગ એ ગાંધીનગરની રાહ પકડી છે. પરિણામે ગાંધીનગરમાં પ્રસિદ્ધ કલાસીસોની સાથે અન્ય સ્પર્ધાત્મક પરિક્ષાનો અને કલાસીસોનો અનુભવ કે સુઝ-બુઝ ના ધરાવતા વ્યકિતઓએ પણ આ ધંધામાં ઝંપલાવ્યું હતું. પરિણામે શહેરમાં મોટાપ્રમાણમાં સ્પર્ધાત્મક પરિક્ષાના નાના મોટા ૮૦ થી વધુ કેન્દ્રો ખુલી ગયા હતા. જેમાં હજ્જારોની સંખ્યામાં યુવાવર્ગ સવાર સાંજ અભ્યાસઅર્થે આવે છે. સંચાલકોએ પણ સિઝનના માહોલમાં તગડી ફી લઈ કલાસીસો આધુનિક અને આકર્ષિત બનાવ્યા હતા.પરંતુ છેલ્લા એક વર્ષથી સરકારમાં કોઈપણ પ્રકારની ભરતી અંગેની જાહેરાતો ના થતા હાલ આ ધંધામાં માઠી દશા બેઠી છે. પરિણામે કેટલાક કેન્દ્રો ચલાવતા સંચાલકો માસીક ખર્ચ ને પહોંચી ના વળતા હવે કેટલીક બાબતોમાં કાપ મુકી રહ્યા છે. તો કેટલાક સંચાલકો આ દુકાનોને આગામી સમયમાં કેવી રીતે ચાલુ રાખવી અને ખર્ચને કેવીરીતે પહોંચી વળળો તેના માટે અનેક પ્રકારની મથામણો કરી રહ્યા છે. તો કેટલાક સંચાલકોએ કલાસીસના પાટીયા જ પાડી દીધા છે.

# પેથાપુરની હદમાં શરૂ થઈ ગયા વરલી મટકાના અડ્ડાઓ

## શહેર આસપાસ ચાલતા વરલી મટકાના અડ્ડાઓ પર આરઆરસેલના દરોડા : કોલવડા અને મોટી આદરજમાં ત્રણ સ્થળે દરોડા પાડી વરલીનો જુગાર રમાડતા ત્રણને પકડી પાડયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરની આસપાસ વરલી મટકાના જુગાર ઠેર-ઠેર શરૂ થઈ ગયા છે ત્યારે ગાંધીનગર આરઆરસેલ દ્વારા ગઈ કાલે શહેર આસપાસના ત્રણ સ્થળોએ દરોડા પાડી વરલી મટકાના જુગાર રમાડી રહેલા ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. કોલવડા અને મોટી આદરજ ગામમાં દરોડા પાડીને ત્રણેયને પકડી પાડી તેમની પાસેથી વરલી મટકાના આંકની સ્લીપ બુકો સહીતના મુદ્દામાલ જપ્ત કરી લેવાયો હતો. ત્રણેય અડ્ડાઓ પેથાપુર પોલિસ સ્ટેશનની હદમાં શરૂ થયેલા હતા. આર.આર.સેલે સ્થાનિક પોલિસની સંડોવણી અંગે પણ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર રેન્જ ડીઆઈજી મયંકસિંહ ચાવડાની સુચનાથી તેમની આર.આર.સેલ. દારૂ જુગારના અડ્ડાઓ નેસ્ત નાબુદ કરવા સક્રીય થઈ છે ત્યારે ગઈ કાલે આરઆરસેલના પીએસઆઈ ભાવેશ રબારીની ટીમે ચોકકસ બાતમી આધારે પેથાપુર પોલિસ સ્ટેશનની હદમાં આવતા બે ગામોમાં ત્રણ સ્થળોએ દરોડા પાડી વરલી મટકાના જુગાર રમાડતા ત્રણને દબોચી લીધા હતા. કોલવડા ગામના પગીવાસમાં દરોડો પાડી રૂ. ૩૦૧૦ના મુદ્દામાલ સાથે વરલી મટકાનો જુગાર રમાડતા માણેક મંગા ઠાકોરને પકડી પાડયો હતો. તે ઉપરાંત મોટી આદરજ ગામમાં માધા ખાટના વાસમાં દરોડો પાડી રૂ. ૩૩૧૦ના મુદ્દામાલ સાથે વરલી મટકા રમાડતા હિરા ગમા ઠાકોરને પકડી પાડયો હતો. તે ઉપરાંત મોટી આદરજના નિશાળવાળા વાસમાં દરોડો પાડી આર.આર. સેલે જુહા રામા ઠાકોરને રૂ. ૨૫૩૦ના મુદ્દામાલ અને સ્લીપ બુકો સાથે દબોચી લઈ ત્રણેય વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તો બીજી તરફ પેથાપુર પોલિસ ઊંઘતી ઝડપાઈ હતી.



## ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટ ખાતે રિફ્રેશ-૨૦૧૮ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેરના સેકટર-૭ સ્થિત ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટ ખાતે આજરોજ રિફ્રેશ-૨૦૧૮ તથા વાલી સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ટેકનીકલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ કૃતિઓ રજુ કરી હતી. રિફ્રેશ કાર્યક્રમમાં ફુડ સ્પર્ધા, મહેંદી, રંગોલી, બેસ્ટ ડ્રોમ વેસ્ટ, ફેશન શો, ડાન્સ સ્પર્ધા, સહિત અનેક સ્પર્ધાઓ યોજાઈ હતી.જેમાં ખુબ મોટીસંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ પોતાની આંતરીક શકિતઓનો પરિચય કરાવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતું દૈનિક શૈક્ષણિક કાર્ય ઉપરાંત વિદ્યાર્થીનીઓમાં રહેલ વિવિધ આંતરીક શકિતઓને ઉજાગર કરવાનો તથા વાલીઓને વિદ્યાર્થીનીઓનો પ્રોગેસ રીપોર્ટ તથા ફયુચર કેરીયર ગાઈડ લાઈન આપવાનો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના પ્રમુખ હરીભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી, મંત્રી ડી.જી.ચૌધરી, ખજાનચી એમ.એમ.ચૌધરી કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી કોલેજના ડાયરેકટર જય પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં વિજેતા વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# સરકાર સરકારી ભરતીઓમાં થતા વિલંબ અંગે ગંભીર બને

ગાંધીનગર, તા. ૧૧

રાજય સરકારની વિવિધ ભરતીઓમાં વારંવાર થતા વિલંબ અંગે સરકાર ગંભીર બની સમયમર્યાદામાં જ પારદર્શક અને નિષ્પક્ષ ભરતીઓને પાર પાડે તેવા આક્રોશ સાથે બેરોજગાર નોકરી મેળવવા ઈચ્છુક બેરોજગારો માંગણી કરી રહ્યાં છે.

રાજય સરકાર લાંબા-લાંબા સમય પછી ખાલી જગ્યાઓ ભરવા જાહેરાતો પ્રસિદ્ધ કરે છે. ભરતી પ્રસિદ્ધ થયાના અને પરીક્ષા વચ્ચે ખુબ સમય વિતી જાય છે. કદાચ પરીક્ષા લેવાય છે પરિણામ જાહેર થવામાં લાંબો સમય પસાર થઈ જાય છે. આથી પરીક્ષાર્થીઓ સરકારી ભરતીઓમાં વારંવાર થતા વિલંબથી નારાજ થઈ ગયા છે. સરકાર જાહેરાત કરે ને એક વર્ષમાં જ યુવાનોની ચોક્કસ સમયમર્યાદામાં ભરતી અંગેની પરીક્ષા લઈ પરીણામ જાહેર કરી નોકરીના ઓર્ડર સુપ્રિત કરે તે જરૂરી છે. સરકાર ૨૦૦, ૫૦૦ જગ્યાઓ ભરવા ૨-૨ વર્ષનો સમયગાળો વિતાવી નાખે તે સરકારના કુશાસનનો જીવતો જાગતો નમુનો છે.

# ભરઉનાળે કમોસમી વરસાદથી વાતાવરણ કથળવાની આગાહી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત સહિત દેશના પશ્ચિમકાંઠે ભારે પવન ફૂંકાવવાની તથા સાથે જ એપ્રિલ માસમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે કે ગ્રહોમાં પવનવાહક તેમજ જાતનક્ષત્ર નાડીના યોગો જોતાં આગામી માર્ચ-એપ્રિલ-૨૦૧૮માં સાગરમાં ચક્રવાત ઉભા થવાની સંભાવના સાથે કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની પણ વકી રહેશે. ભૌગોલિક બાબતો ગ્રહોના દહન તેમજ પવનવાહક નક્ષત્ર નાડીના યોગોથી માર્ચ તા. ૨૩ થી ૨૫માં હવામાનમાં ભારે પલટા આવવાની વકી છે. તેમજ દરિયાઈ ભાગોમાં ભારે પવન ફૂંકાવાને કારણે દેશના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની પણ શક્યતા રહેશે. શ્રીલંકાથી દક્ષિણ ભારતના ભાગોમાં હવાના હળવા દબાણ ઉભા થાય, દક્ષિણ ભારતમાં ગરમી વધે, તેમજ કેટલાક ભાગોમાં વરસાદ થવાની પણ શક્યતા રહે. અને સાગરમાં ઊંચા મોજા ઉછળે જ્યારે દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે બરફવર્ષા તેમજ કમોસમી વરસાદના યોગો રહે. કેટલાક ભાગોમાં કરા પડવાની પણ વકી રહે. ગુજરાતના ભાગોમાં પણ માર્ચ તા. ૧૫ થી હવામાનમાં પલટો આવે. તા. ૧૮ સુધીમાં વાદળો આવે, માર્ચ તા. ૨૫ સુધીમાં દરિયા કિનારે ભારે પવન ફુંકાય. વાદળવાયુ સાથે ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં હવામાન કથળી જાય, કોઈ કોઈ ભાગોમાં ઋતુમાં ભારે વિપર્યાય થઈ જવાની સંભાવના પણ રહે.

(આ આગાહી ઉત્પાત સંબંધી નથી)

# રાજ્યમાં જીપીએસસીની જેમ અન્ય ભરતી સંસ્થાઓ પણ ભરતી અંગેનું વાર્ષિક કેલેન્ડર જાહેર કરે

રાજ્યમાં વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓની ભરતી કરતી સંસ્થા જીપીએસસીની જેમ અન્ય ભરતી બોર્ડ પણ ભરતી અંગેનું વાર્ષિક કેલેન્ડર જાહેર કરી નિષ્પક્ષ અને પારદર્શક ભરતી કરાવે તેવી જરૂરીયાત ઉભી થવા પામી છે. પરિણામે સરકાર આ ભરતીઓને મામલે ગંભીર બની જરૂરી પગલા લે તેવી માંગ ઉઠવા પામી છે.

ડિઝીટલ યુગમાં રાજ્ય સરકાર વારંવાર ગુડ ગર્વનન્સ અને સુસાશનનો જોરજોરથી પ્રચાર પ્રસાર કરે છે. ત્યારે વહીવટીતંત્ર ચલાવનાર અધિકારી કર્મચારીઓની ભરતી ક્યારે થશે અને કેવી રીતે થશે તે મામલે જ કોઈ ચિત્ર સ્પષ્ટ થતુ નથી તે પણ સાચી હકીકત છે. સરકારમાં વિવિધ કચેરીઓમાં વર્ગ-૧-૨ની ખાલી જગ્યાઓ પર ભરતી કરવા રાજ્યમાં સ્વાયત સંસ્થા એટલે કે ગુજરાત જાહેર સેવા આયોગની રચના થયેલી છે. થોડા વર્ષો અગાઉ જીપીએસસીએ ભરતી અંગેની પ્રક્રિયા માટે એક્શન પ્લાન ઘડી વિવિધ જગ્યાઓ ભરવા વાર્ષિક કેલેન્ડર જ બનાવી યુવાનો માટે વર્તમાન પત્રો અને ઈન્ટરનેટ પર તેમજ વેબસાઈટ પર મુકવાનો નિર્ણય કર્યો છે. આથી યુવાનોને તૈયારી કરવા સરળતા રહે છે. જે ખુબ સરાહનીય પરંતુ જીપીએસસી તંત્રને છોડી બાકી ભરતી બોર્ડ આવુ વાર્ષિક ભરતી કેલેન્ડર કેમ બહાર નથી પાડી શકતુ તે પણ ગંભીર બાબત છે.

જીપીએસસીને બાદ કરતા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત પસંદગી સમિતિ, પોલીસ ભરતી બોર્ડ, રાજ્ય પરીક્ષા બોર્ડ, હાઈકોર્ટ સહિતની સંસ્થાઓ પાસે વર્ગ-૩ અને ૪ ની ખાલી જગ્યાઓ ભરવા માટેની જવાબદારી છે. વહીવટીતંત્રમાં કર્મચારી ગણની જ વધારે જરૂરીયાત ઉભી થતી હોય છે. તે પણ આ ભરતી સંસ્થાઓને ખબર છે. આ ભરતી સંસ્થાઓ કોઈ જ પૂર્વ આયોજીત પ્લાન કે તૈયારીઓ કરવામાં અસફળ છે. આ ભરતી સમિતિઓ પાસે કામગીરી માત્ર ભરતી પુરતી હોય છે તેમ છતાં વિવિધ ભરતી મામલે કોઈ કેલેન્ડર તૈયાર નથી. જીપીએસસી વર્ષના પ્રારંભિક માસે જ આખા વર્ષની વિવિધ ખાલી પડેલી જગ્યાઓ માટે કઈ તારીખે જાહેરાત પ્રસિદ્ધ થશે, કઈ તારીખે પરીક્ષા લેવાશે અને સંભવિત કઈ તારીખ સુધીમાં પરિણામ જાહેર કરવામાં આવશે તેની સંપુર્ણ વિગતો પ્રચાર પ્રસારના માધ્યમો દ્વારા નોકરી ઈચ્છુક યુવાનો સુધી મોકલી આપે છે. પરંતુ અન્ય ભરતી સંસ્થાઓ ક્યારે કઈ ભરતી કરશે તેનો કોઈ અંદાજ જ યુવાનોને મળતો નથી. અને પરિણામે લાંબા-લાંબા સમય સુધી યુવાનોએ ભરતીની રાહ જોવી પડે છે.

ભરતી સંસ્થાઓ ગંભીર બની જીપીએસસીની જેમ ભરતી જગ્યાઓ માટેનું વાર્ષિક કેલેન્ડર બનાવી અગાઉ એક વર્ષ પહેલા જ નોકરીની તૈયારીઓ કરતા યુવાનોને પહોંચાડે જેમાં કયા વિભાગની કઈ જગ્યા માટેની કેટલી જગ્યા માટેની જાહેરાતની તારીખ, પરીક્ષા અને સંભવિત પરિણામની સંપુર્ણ વિગતો પ્રસિદ્ધ કરે તો સાચા અર્થમાં ગુડ ગર્વનન્સનું સુત્ર સાર્થક બનશે તેવી પ્રબળ માંગ નોકરી વાચ્છુકો કરી રહ્યા છે.

# મહિલા દિને ઈસનપુર મોટા ખાતે બેટી બચાવો બેટી વધાવો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ઈસનપુર મોટા ખાતે એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે બેટી બચાવો બેટી પઢાવોના સુત્રને આંતરરાષ્ટ્રીય મહિલા દિને નવજાત જન્મેલ દિકરીને વધામણા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સન્માન સ્વરૂપે બાળકીની માતાને ચાંદીનો સિક્કો, કીટ, મુર્તી અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરાઈ હતી.

આંતરરાષ્ટ્રીય મહિલા દિને ઈસનપુર મોટા ખાતે એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલમાં જન્મ લેનાર નવજાત બાળકીની માતાને સરકાર તરફથી ચાંદીનો સિક્કો, લક્ષ્મીજી અને સરસ્વતી માતાજીની મૂર્તિ, કીટ અર્પણ કરવામાં આવી હતી. સાથે બાળકીને જન્મ આપનાર માતાને રૂ. ૫૦૦નો રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી રામચંદ્રભાઈ પટેલ, રમેશભાઈ પટેલ અને મેડીકલ ઓફિસર તથા સ્ટાફ સભ્યો હાજર રહી રમકડા આપી વધામણી કરી હતી.

## કાયદો અને કાનૂન ● પાના નં. ૪નું ચાલું

શકાય છે. મનાઈ હુકમ કામચલાઉ કે કાયમી સ્વરૂપનો હોય છે. કોર્ટની ઈચ્છા તથા દાવાની હક્કિત ઉપર તે નિર્ભર કરે છે. પરણિત સ્ત્રી પતિના ઘરે લગ્ન બાદ રહેવા આવે તો તેને મેટ્રોમોનીઅલ હોર્મ ગણાય છે. લગ્ન થવાના પરિણામે પતિના રહેઠાણની માલીકી સ્ત્રીની થઈ જતી નથી. માત્ર રહેવાનો હુકમ જ ફેમીલી કોર્ટ કરી શકે છે. માલીકીપણા માટે અલગથી સીવીલ કોર્ટમાં દાવો કરી દાદ માંગવી પડે છે. પતિ પત્ની ઉપરના હુમલાના કેસોમાં, મારામારીના કેસોમાં ડોકટરનું પ્રમાણપત્ર, ઈજાગ્રસ્તના ફોટોગ્રાફ, સાક્ષીના નિવેદન, ઈજાની વિગતો, એક્ષરે વિગેરે ભોગ બનનારે કોર્ટમાં રજુ કરી અથવા પોલીસ સ્ટેશને ફરીયાદ કરી ન્યાય મેળવવાનો હોય છે. મીલ્કતને લગતા ઝઘડા કે વિવાદના કેસોમાં જયારે મીલ્કત પતિ પત્નીની માલીકીની હોય અથવા જયારે મીલ્કત માત્ર પતિની માલીકીની હોય અથવા જયારે મીલ્કત માત્ર પત્નીની માલીકીની હોય તેવા સંજોગોમાં પારિવારીક અદાલત આવી મીલ્કત પરત્વેના દાવાઓ ચલાવી નિકાલ કરી શકશે તેવા દાવાઓમાં મીલ્કત અન્ય ત્રાહિતને વેચાણ ના કરે તેવો કામચલાઉ મનાઈ હુકમ પણ કોર્ટ આવા મનાઈ હુકમ આપવાની વિશાળ સત્તા ધરાવે છે.

પારિવારીક અદાલતોમાં કાયદાના ઝટીલ ટેકનિકલ પ્રશ્નો સમાયેલા હોય અરજદાર કે સામાવાળા દ્વારા કોર્ટની પરવાનગી મેળવી વકિલ રોકી ન્યાય મેળવી શકે છે. ફેમીલી કોર્ટ એકટની કલમ ૧૦(૩) મુજબ આવી સગવડ કોર્ટ પક્ષકારોને આપે છે. પારિવારીક અદાલતોએ દિવાની અદાલત જેટલું જડ વલણ દાખવતી નથી. દિવાની અદાલતોના જેમ આ યુધ્ધનું મેદાન નથી પરસ્પર સમજાવટથી તકરારનો નિકાલ કરવાનું સ્થળ છે

કાયદાના ઉદગમ સ્થાન એ મનુસ્મૃતી છે પરંતુ મનુસ્મૃતીમાં સ્ત્રીઓને ગૈણ ગણવામાં આવી છે. જે બદલાતા સમય અને સંજોગો સામે ટકી શકે તેમ નથી. મનુસ્મૃતીમાં સ્ત્રીઓના કર્તવ્ય અનેક હતા પરંતુ તેના હક્કો જુજ હતા અત્યારે બદલાતા સયમાં નારીને શક્તિ ગણી કર્તવ્ય કરતા હક્કો અને અધિકારનું મહત્વ વધારવામાં આવ્યું છે નવા આધુનિક કાયદાઓ સ્ત્રીઓની તરફેણમાં જ છે. પુરૂષ ઘણી વખત સ્ત્રીઓ દ્વારા ખોટા કેસોમાં હેરાનગતિનો ભોગ પણ બનતો હોય છે પરંતુ એકાદ બે અપવાદથી સમગ્ર સ્ત્રીઓના અધિકાર, હક્કો ઉપર તરાપ ના મારી શકે સામાપક્ષે સ્ત્રીઓએ કાયદાનો હથીયાર તરીકે નહિ પરંતુ ઢાલ તરીકે ઉપયોગ કરી માત્ર પોતાનો સ્વબચાવ કરવા કાયદાનો ઉપયોગ કરવો જોઈએ. સામાપક્ષને કે તેના કુટુંબીજનોને વગર વાંકે હેરાનગતિમાં મુકી પોતાનો ઉદેશ યેનકેન પ્રકારે સિધ્ધ કરવા માટે નહિ. ૧૯૫૬ ના હિન્દુ વારસા ધારામાં પણ સ્ત્રીઓના અધિકારો, હક્કો વધુ મળે કાયદાથી રક્ષીત કરવા અવારનવાર સુધારા વધારા કરવામાં આવ્યા છે પરંતુ પતિ પત્ની એક ગાડીના બે વ્હીલ છે. બન્નેમાં સમાનતા રાખી સંસારનું ગાડુ ચલાવવું જોઈએ. કાયદાથી નહિ પણ સમજણથી, વિવેક બુધ્ધીથી જતુ કરવાની ભાવનાથી ફેમીલી ઝઘડાનો અંત લાવવો જોઈએ.

## અતિતની આજ ● પાના નં. ૪નું ચાલું

બચાવી લેવામાં સક્રિય એવી ભૂજની ''સહજીવન'' સંસ્થા સાથે સંકળાયેલા નિષ્ણાત રમેશ ભટ્ટી અમારી સાથેની વાતચીતમાં જણાવે છે કે દેશમાં અંદાજે ૪.૫ લાખ જેટલાં ઊંટ હશે અને એકલા કચ્છમાં ૧૦,૦૦૦ હોવાનો અંદાજ છે. મૂળ આફ્રિકા અને મધ્ય-પૂર્વના દેશોમાંથી ઊંટ આવ્યાનું મનાય છે. કચ્છના ખાડી પ્રદેશ કે દરિયામાં તરી શકે તેવાં ખારાઈ ઊંટની પ્રજાતિને બચાવી લેવાના વિશેષ પ્રયાસો જરૂરી છે.ફકીરાણી જત સમાજના લોકો આવાં ઊંટને રાખે છે અને એ દરિયાના ખારા પાટમાં થતી વનસ્પતિ પર નિર્ભર રહે છે.દેશમાં કુલ નવ જાતનાં ઊંટ જોવા મળે છે : કચ્છી ઊંટ,ખારાઈ ઊંટ,બિકાનેરી ઊંટ,મારવાડી ઊંટ,બે ખૂંધવાળાં ઊંટ વગેરે. સામાન્ય રીતે મહારાષ્ટ્રની ઉત્તરે જ ઊંટ જોવા મળે છે.બે ખૂંધવાળાં તો માત્ર ચીન, માંગોલિયા અને ભારતના લડાખ જેવા ઠંડા પ્રદેશમાં જ મળે છે. કચ્છમાં સરકાર અને સ્વયંસેવી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસોથી ઊંટ જાળવણી અને આરોગ્ય વિષયક જાગૃતિ આવી છે. ત્રણ-ચાર વર્ષ પહેલાં માત્ર ૧૦ કે ૧૨ હજાર રૂપિયામાં મળતી ઊંટણી હવે ૩૦ હજાર રૂપિયામાં મળે છે, એવું રમેશભાઈ કહે છે. ઊંટણી ત્રણ-ચાર વર્ષની થાય એટલે એ ગાભણ(ગર્ભ ધારણ કરે) થાય.એનું આયુષ્ય ૨૫ થી ૩૦ વર્ષનું મનાય છે.દર બે વર્ષે એ બોતડાને જન્મ આપે,પણ દૂધ તો સતત આપ્યા કરે.સામાન્ય રીતે વીયાય પછી વરસ સુધી એ રોજના ૬ લીટર દૂધ આપે.વરસ પછી એ ગાભણ થાય પછી ૧૧ મહિના ૧૧ દિવસે એ બોતડાને જન્મ આપે.જીવનકાળમાં એ ૧૨થી ૧૫ બોતડાને જન્મ આપે. છેલ્લા મહિને એ રોજનું દોઢ લીટર દોઢ આપે.એના દૂધનો ફૅટ ૧.૫ થી ૩ સુધી હોય,પણ ક્યારેક ૬ ફૅટ પણ મળે. ગાય-ભેંસ પાછળ સાચવણી અને ચારાનો ખર્ચ વધુ આવે,જયારે ઊંટ ચરાણ પ્રદેશમાં ચરે અને દૂધ આપે છે. એને દિવસમાં બે વાર દોહવામાં આવે છે.ગાય-ભેંસના દૂધના લીટરના ૩૫-૪૦ રૂપિયા મળે છે. ઊંટણીના દૂધના લીટરના ૫૨(બાવન) રૂપિયા મળતા હોવાથી હવે ઊંટ રાખવાની દિશામાં આકર્ષણ વધવા માંડ્યું છે.વળી ઊંટણીના દૂધના ઔષધિગુણોને કારણે આવતા દિવસોમાં ઊંટની જાળવણી માટે લોકોને વધુ રસ પડશે.

- haridesai@gmail.com

